|| શ્રી મહાવીરાય નમઃ ||    || શ્રી વીતરાગાય નમઃ ||    || નમો નાણસ્સ ||

**Shree Greater Bombay Vardhman Sthanakvasi Jain Mahasangh-Mumbai**

*Conducted*

**MATUSHREE MANIBEN MANSHI BHIMSHI CHHADVA -DHARMIK SHIKSHAN BOARD – MUMBAI**

**૧૨ જાન્યુઆરી ૨૦૨૦** | **શ્રેણી – ૧૦** | કુલ ગુણ:૧૦૦

**સમય: સવારે ૯ થી ૧૨** | **મહિલા મંડળ**

**પ્રશ્ન:૧ સામાયિક-પ્રતિક્રમણના આધારે...** **[૧૫]**

**(અ) નીચેના પ્રશ્નના ઉત્તર આપો.** **(૬)**

(૧) ઈચ્છામિ ઠામિનો પાઠ પ્રતિક્રમણમાં કેટલીવાર બોલવામાં આવે છે? તેને સાર પાઠ કેમ કહે છે? (૨×૨)

(૨) ઔષધ અને ભેષજમાં શું ફેર છે?

(3) કેટલું આયુષ્ય હોય તો કેવળજ્ઞાન થઈ શકે? (૧×૨)

(૪) સંમૂર્ચ્છિમ મનુષ્યને કેટલી પર્યાપ્તિ હોય?

**(બ) નીચેના શબ્દોના અર્થ લખો.** **(૨)**

(૧) પાઉસિયાએ (૨) પૈશુન્ય (૩) પડિલાભેમાણે (૪) પત્તિઆમિ

**(ક) નીચેના શબ્દોનું માગધી લખો.** **(3)**

(૧) મૈથુન સેવવાના પ્રત્યાખ્યાન (૨) ધર્મ ચક્રવર્તી (૩) જ્ઞાનને વિશે

(૪) જેનું પ્રતિક્રમણ કરું છું (૫) ચિંતન કરવા માટે (૬) જિનેશ્વર દેવ

**(ડ) પાઠપૂર્તિ કરો. (કોઈપણ બે)** **(૪)**

(૧) ઈચ્છામિ ણં .......... ઠાએમિ (૨) છવ્વીસાએ .......... મહામોહણીય (૩) એવમહં .......... વંદામિ

**પ્રશ્ન:૨ ડાલાપાલાના આધારે...** **[૧૫]**

(૧) પહેલો અનવસ્થિત પાલો ખાલી થયો, હવે બીજો અનવસ્થિત પાલો કેવી રીતે બનાવશે? તેની ઊંડાઈ કેટલી? (૨×૨)

(૨) ડાલાપાલા આપણને શું સમજાવે છે?

(3) પાણીના એક ટીપામાં કેટલી હિંસા થાય છે? સમજાવો. (3)

(૪) શલાકા પાલાની કુલ ઊંડાઈ કેટલી છે? સમજાવો. (૧×૨)

(૫) મહાશલાકાની પરિધિ કેટલી?

(૬) નીચેના માપ કેવી રીતે મળશે? તેના નામ પણ લખો. (૬)

(૧) ત્રીજું અનંત (૨) બીજું અસંખ્યાત (૩) મધ્યમ સંખ્યાત

(૪) પહેલું અસંખ્યાત (૫) નવમું અનંત (૬) ચોથું અનંત

**પ્રશ્ન:3 પુદગલ પરાવર્તનના આધારે...** **[૧૫]**

(અ)નીચેનાપ્રશ્નનાજવાબઆપો. **(૧૦)**

(૧) નારકીના જીવે નારકીપણે કેટલા ઔદારિક પુદગલ પરાવર્તન કર્યા હશે? (૧×૧૦)

(૨) મનુષ્યના જીવે મનુષ્યપણે કેટલા વૈક્રિય પુદગલ પરાવર્તન કર્યા હશે?

(3) દેવતાના જીવ ભવિષ્યમાં કેટલા પુદગલ પરાવર્તન કરશે?

(૪) વાયુકાયનો જીવ વાયુકાયપણે વૈક્રિય અને વચન પુદગલ પરાવર્તન કરશે?
(૫) તૈજસ્ પુદગલ પરાવર્તનના કાળ કરતા કયા પુદગલ પરાવર્તનનો કાળ ઓછો છે?
(૬) એક ઔદારિક પુદગલ પરાવર્તન કેટલા કાળમાં થાય છે?
(૭) પુદગલ પરાવર્તનનું સ્વરૂપ કયા આગમ અને કયા ગ્રંથમાં બતાવ્યું છે?
(૮) વાઘનો જીવ વૈક્રિય પુદગલ પરાવર્તન ભવિષ્યમાં નહીં કરે? શા માટે?
(૯) પુદગલોનું અનંત અનંત પરિવર્તન શા માટે થાય છે?
(૧૦) આહારક શરીરનું પુદગલ પરાવર્તન શા માટે ન થાય?
(૧૧) બાદર ક્ષેત્ર પુદગલ પરાવર્તન અને સૂક્ષ્મ કાળ પુદગલ પરાવર્તન એટલે શું? (૫)

**પ્રશ્ન:૪ આયુષ્યના ૧૮૦૦ ભાંગાને આધારે... [૧૩]**

(૧) ઔદારિકના દંડક કેટલા? તેમાં કયા આયુષ્યવાળા નિયમા નિરૂપક્રમી જ હોય? (૨)
(૨) કયા દંડકમાં સોપક્રમી આયુષ્યવાળા હોય જ નહીં? (૧)
(૩) સોપક્રમી અને નિરૂપક્રમી  આયુષ્યનું બીજું નામ શું છે ? (૧)
(૪) આકર્ષ એટલે શું? સૌથી વધારે કેટલા આકર્ષે આયુષ્ય બાંધનાર જીવો છે? તે જીવો કેટલા છે? (3×3)
(૫) સોપક્રમી આયુષ્ય કેટલા કારણથી તૂટે છે?
(૬) આયુષ્ય બંધ ક્યારે કરે?
(૧) નાગકુમાર (૨) નાગ (૩) જુગલિયા (4) સિદ્ધ (૫) વાસુદેવ (૬) માખી

**પ્રશ્ન:૫ વિરહપદને આધારે... [૧૨]**

(૧) ૧૮૦ દિવસનો વિરહ હોય એવા બોલ લખો. (૨)
(૨) વૈરાગ્યબિંદુનો કોઈપણ એક મુદ્દો લખો. (૧)
(૩) ઉત્કૃષ્ટ ૧૨ મુહૂર્તનો વિરહ હોય તેવા બોલ લખો. (૨)
(૪) સારી જગ્યાએ જવું હોય તો શું વધારે જોઈએ? (૧)
(૫) જઘન્ય અને ઉત્કૃષ્ટ વિરહ લખો. (૬)
(૧) જશોધરે (૨) જયંત વિમાન (૩) જળો (૪) મઘા (૫) ઉદધિ કુમાર (૬) નક્ષત્ર

**પ્રશ્ન:૬ સંસ્કાર વિભાગના આધારે... [૧૦]**

**(અ) ખાલી જગ્યા પૂરો. (૫)**
(૧) માનવજીવનની ........... અને .......... નો આધાર મન જ છે.
(૨) ........... અને ........... થી આત્માને નહીં દમું તો ............ અને ............ થી છેદાવું, ભેદાવું પડશે.
(૩) અનંતા એકેન્દ્રિયને ............ અને ......... મળ્યા જ નથી.
(૪) ........... અને ........... વડે આત્માનું જતન કરવું.

**(બ) નીચેના પ્રશ્નના ઉત્તર આપો. (૫)**
(૧) કાયા પર કાબુનો કોઈપણ એક મુદ્દો લખો. (૧×૫)
(૨) વચનના ઘડતરનું ફળ શું? કોઈપણ એક મુદ્દો લખો.
(૩) મનની મહાનતાનો કોઈપણ એક મુદ્દો લખો.
(૪) વચનના ઘડતરમાંથી થતી ધર્મસાધનાનો કોઈપણ એક મુદ્દો લખો.
(૫) કાયાના ઘડતરમાં વિવેકનો કોઈપણ એક મુદ્દો લખો.

**પ્રશ્ન:૭ કથાના આધારે... [૧૦]**

(૧) કોણ કોને કહે છે? (૪)
(૧) તમે ઉદાસ થઈને આર્ત્તધ્યાન ન કરો. (૨) હું તેતલીપુત્રને પાછી પ્રિય, ઈષ્ટ બનું.
(૩) તેમના સુખ-સગવડની સામગ્રીમાં વધારો કરજો. (૪) ભયગ્રસ્તને માટે પ્રવ્રજ્યા શરણભૂત છે.

(૨) સ્વાભાવિક એટલે શું? જીવનું ભવસિદ્ધિકપણું સ્વાભાવિક છે કે પારિણામિક? (૨)

(૩) જયંતિ શ્રાવિકાએ ભગવાનને કેટલા પ્રશ્ન કર્યા? તે શેના માટે પ્રસિદ્ધ છે? (૧)

(૪) બલિચંચાના દેવો તામલી તપાસ પાસે શા માટે આવ્યા? (૨)

(૫) તામલી તાપસનો અધિકાર કયા આગમમાં છે? તે કયા વંશમાં ઉત્પન્ન થયા હતા? માટે તે શું કહેવાયા? (૧)

**પ્રશ્ન:૮ કવિતાના આધારે...** **[૧૦]**

(૧) કુંભાર ......... (૨) બિલ્લી .......... (૩) સાપ .......... (૪) એણી.......... (૫) ઓડ.......... (૨×૫)

**|| જય જિનેન્દ્ર ||**